



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૫૧ : 'હીરે કરીને હીરો વેંધાયાનું'નું નિરૂપણ, ૧૨ એપ્રિલ ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**દસ** ઇન્દ્રિયો એટલે પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર; એ ચાર અંતઃકરણ એ માયિક છે, તો એનાથી કેવી રીતે ભગવાનનાં દર્શન થાય ? ભગવાનનો કેમ નિશ્ચય થાય? એ પ્રશ્ન છે. આના ઉત્તરમાં શ્રીજી મહારાજને જે વાત સમજાવવી છે તે માટે તેમણે આ 'વચનામૃત'માં કેટલી બધી લાંબી વાત કરી. પોતે સ્વતંત્ર થકા માનવરૂપ ધરીને આવ્યા છે, તેમને માયિક ઇન્દ્રિયો-અંતઃકરણથી પામવા, સમજવા, દર્શન કરવા માનવ માટે અશક્ય છે. પણ જો એવા મોટા સંતની દૃષ્ટિ પડે, એવા મોટા સંતને વિશે જોડાઈએ, એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો એ સંત કહે કે, 'આ સહજાનંદ સ્વામી એ માણસ નથી પણ પ્રભુનું સ્વરૂપ છે.' એટલે હેતે કરીને તરત એનો સ્વીકાર થઈ જાય અને માયિકભાવ જતો રહે. સાધુ ભગવાનમાં જોડાયા છે એટલે આપણને ભગવાનમાં જોડે છે. સાધુએ પ્રભુને જોયા છે એટલે આપણને પ્રભુમાં પ્રભુ બતાવે છે. આમ, સ્વામિનારાયણ ભગવાને સાધુની-સંતની મહત્તા બતાવી. જે વાત શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા પ્રવર્તાવી અને એને લઈને આપણે સુખિયા છીએ.

એવા સંત મળે અને ભગવાનનો નિશ્ચય થાય પછી જ ભક્તિ પ્રગટતી હોય છે, નહીં તો ભક્તિ એ ક્રિયાકાંડ થઈ જાય, યાદ રાખો ! ચાર-ચાર કલાક ઠાકોરજી સામે બેસી રહે. નવરાવે, ધોવડાવે, રમાડે, જમાડે, પોઢાડે પણ પછી પાછા બહાર નીકળે ત્યારે તમને તેઓમાં કંઈ પરિવર્તન ના લાગે - ફેરફાર ના લાગે. ચાર-ચાર કલાક ઠાકોરજી સામે બેસીને જો ધૂન કરો તો ફરક પડવો જોઈએ. તમે અંદરથી આખા બદલાઈ જાવ. પણ પ્રગટની ઉપાસના ના હોય ને પરોક્ષભાવે ભક્તિ કરે તો સંસ્કાર પડે પણ પરિવર્તન નહીં થાય. પરોક્ષની ભક્તિમાં લાગે સારું, બધા માન બહુ આપે, વખાણ બહુ કરે. યોગીબાપા કહેતા, 'શેકેલા ચણા ખાવામાં લાગે સારા, પણ ઊગે નહીં. કાચા ચણા કોઈ ખાય નહીં, પણ જમીનમાં નાખે તો ઊગે.' એમ પ્રગટની ભક્તિ છે એ આપણને અંદરથી બદલે. એ ભક્તિ સત્પુરુષના યોગ વતે છે.

આજે ચૈત્ર વદી એકાદશી. શ્રી વલ્લભાચાર્યજી મહારાજનો આજે જન્મ દિવસ-પ્રાગટ્યપર્વ. શ્રી કૃષ્ણ પરમાત્માના અંતર્ધાન થયા પછી, શ્રી કૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય, શ્રી કૃષ્ણ ભગવાનને રાજી કરવાની ભાવના, શ્રી કૃષ્ણ ભગવાન તરફની ભક્તિનું જો કોઈએ પ્રવર્તન કર્યું હોય તો તે શ્રી વલ્લભાચાર્યજીએ ! પછી શ્રી કૃષ્ણ ભગવાન આ બ્રહ્માંડમાં 'ભગવાન' તરીકે પ્રચલિત થયા, નહીં તો કોઈ જાણતું નહોતું. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી કૃષ્ણ ભગવાનની ઉપાસના કરી અને તેઓ શ્રી કૃષ્ણ ભગવાનરૂપ થયા. વલ્લભ તરીકે હતા પણ એમણે વિદ્વાનોની સભામાં શ્રી કૃષ્ણ ભગવાનના શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની સ્થાપના કરી તેથી એમને આચાર્ય કહ્યા-શ્રી વલ્લભાચાર્ય. સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું કે, "અમે આઠ વર્ષ વિચરણ કર્યું, બધાને મળ્યા, બધા સિદ્ધાંતો જોયા, શાસ્ત્રો વાંચ્યાં, એને અનુરૂપ જીવન જીવતા સાધુ-સંતો સાથે રહ્યા, એમની સાથે વાતો કરી, ગોષ્ઠિ કરી; પણ, એ સર્વમાં અમને આ કળિયુગમાં આત્માના કલ્યાણ માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માર્ગ જો કોઈ હોય તો તે શ્રી વલ્લભાચાર્યજીએ જે પ્રવર્તન કર્યું; એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ માર્ગ છે. અને અમે પણ એ ભક્તિમાર્ગનું પ્રવર્તન કરીશું."

એ ભક્તિ ત્યારે જ પ્રગટે છે, જ્યારે પ્રગટ ભગવાનનો નિશ્ચય થાય. અને પછી જે કંઈ પણ ક્રિયા થાય એ ભગવાનને રાજી કરવાના ભાવથી થાય. પરોક્ષભાવે થતી દેખાતી ભક્તિ એ ક્રિયાકાંડ એટલે થાય છે કે, રોજ રોજ તે કરવાની ભક્તને ટેવના કારણે ક્રિયા યંત્રવત્ આપોઆપ થતી રહે, જે સારા સંસ્કાર પાડે છે. પણ ભગવાનનો નિશ્ચય હોય અને સંતને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો તે ભક્તિમાં જીવંતતા હોય છે. આનાથી મારા પ્રભુ-ગુરુ રાજી થાય છે. વળી આવી હરેક ભક્તિમય ક્રિયાના રહસ્યને સત્પુરુષ સમજાવે છે. અને ભગવાન રાજી થાય તેવા વિચાર કરતા કરી ભગવાનના ગમતામાં જીવન જીવવાનું શિખવાડે છે. એટલે પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બનતાં માયિક ઈન્દ્રિયો-અંતઃકરણ ભલે રજોગુણી હોય, પણ ભગવાનનું દર્શન થાય છે.

ગોપાળાનંદ સ્વામી પાસે એક ભક્તરાજ બહુ સેવા કરે. ગોપાળાનંદ સ્વામી માટે તેમને અસાધારણ પ્રેમ અને હેત. ગોપાળાનંદ સ્વામી એક દિવસ તેની પર રાજી થઈ ગયા અને કહ્યું, 'તારે અક્ષરધામ જોવું છે?' પેલા ભક્ત તો ખુશ થઈ ગયા. કારણ કે, ગોપાળાનંદ સ્વામી સિદ્ધપુરુષ હતા. તેઓએ અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો અને સ્વામિનારાયણ ભગવાનનું અનન્ય કૃપાનું પાત્ર ! સ્વામિનારાયણ ભગવાને ગોપાળાનંદ સ્વામીને બેઉ ગાદીઓના હેડ બનાવેલા. તેઓ વચનસિદ્ધ પુરુષ હતા. પેલા ભગત ખુશ થઈને કહે, 'હા સ્વામી ! મારે અક્ષરધામનાં દર્શન કરવાં છે.' સ્વામી કહે, 'સારું કરાવીશ તને'. વિચરણ કરતાં કરતાં જૂનાગઢ ગયા. જૂનાગઢ મંદિરે ગુણાતીતાનંદ સ્વામી સભામંડપમાં આડા પડખે સૂતા હતા-બીજા બ્રહ્માંડમાં કામ કરતા હતા. ગોપાળાનંદ સ્વામીએ પેલા ભગતને બોલાવ્યા ને કહે, 'જો આ સૂતું છે એ અક્ષરધામ છે.' આવું કંઈ મનાય ? આપણને તો એમ હોય કે, સયાજીરાવ ગાયકવાડનો પૅલેસ આટલો સરસ છે, બકિંગહામ પૅલેસ આટલો સરસ છે - લાઈટો ને ઝગમગાટ છે, ફાઈવ સ્ટાર હૉટલો ને આ બધું આટલું સરસ છે તો અક્ષરધામ તો કેટલું સરસ હશે ! આપણા મગજમાં કલ્પનાનાં જ બધાં ધામ છે. ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને બતાવીને કહ્યું કે, 'આ સૂતું છે એ અક્ષરધામ છે, દર્શન કરી લે.' પેલા ભક્તનાં ઈન્દ્રિયો-અંતઃકરણ તો માયિક હતાં, એની રીતે જોવા જાય તો આ અક્ષરધામ કહેવાય ભલા માણસ ? આ તો માણસ છે ને સુતા છે, એમને કેમના અક્ષરધામ કહેવાય ? ના હોય આ અક્ષરધામ. જોયું, માયિક ઈન્દ્રિયો-અંતઃકરણથી સ્વીકાર કરવાનો હોય તો કોઈ ના સ્વીકારે. પણ એ ભક્તરાજને ગોપાળાનંદ સ્વામી માટે અસાધારણ હેત હતું, અને એને ખબર હતી કે, ગોપાળાનંદ સ્વામી કદી અસત્ય બોલે નહીં, જે કહે એ સાચું જ કહે અને મારા હિતમાં જ કહે. એટલે ગોપાળાનંદ સ્વામીએ જેવું એને કીધું કે, 'આ સૂતું છે એ અક્ષરધામ છે, દર્શન કરી લે'. એટલે એણે તો દંડવત્ કરવા માંડ્યા. પાંચ-પચ્ચીસ દંડવત્ કર્યા, પ્રદક્ષિણા કરી. આ માયિકભાવ ટળી ગયો !

સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો એમનું વચન મનાય, એમની વાત મનાય. પછી ઈન્દ્રિયો-અંતઃકરણમાં જે માયિકભાવ છે એ આડો આવે નહીં. એમની વાત મનાય ને વર્તવા માંડે તો પછી ઈન્દ્રિય-અંતઃકરણના ભાવોમાં જે જગત છે, જે માયિકભાવ છે એ નીકળી જાય અને આખું બધું અમાયિક થઈ જાય. આ આખી સાધના છે ભક્તિમાર્ગની. ભક્તિ એટલે ભગવાનને રાજી કરવા માટે કરેલું કર્મ, યાદ રાખો ! પોતાના મનથી માનેલું કર્મ કરે એ ભક્તિ ના કહેવાય, એ સંસ્કાર પાડે, યાદ રાખો ! પણ ભગવાન ને સત્પુરુષને રાજી કરવા માટે કરેલું કર્મ, એમની આજ્ઞાથી કરેલું કર્મ, એ ભક્તિ કહેવાય.

અર્જુને કુરુક્ષેત્રના મેદાનમાં હિંસા જ કરી. દુનિયાનો કયો ધર્મ છે જે હિંસા કરવાનું શિખવાડે ? 'અહિંસા પરમો ધર્મ' બીજા જીવને મારવો એ હિંસા છે અને એ હિંસા બહુ મોટું પાપ છે. અર્જુનને યુદ્ધ નહોતું કરવું, લડવું જ નહોતું, પણ ત્યારે શ્રી કૃષ્ણ પરમાત્માએ કુરુક્ષેત્રના મેદાન પર

**સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો તેમનું વચન મનાય, એમની વાત મનાય ને વર્તવા માંડીએ તો પછી ઈન્દ્રિય-અંતઃકરણના ભાવોમાં જે જગત છે, જે માયિકભાવ છે એ નીકળી જાય અને આખું બધું અમાયિક થઈ જાય. આ આખી સાધના છે ભક્તિમાર્ગની.**





**સત્પુરુષમાં જોડાઈને,
એવા સત્પુરુષની આજ્ઞાથી
ભગવાનને રાજી કરવા જે કરશો એ ભક્તિ છે.
અને એવી ભક્તિથી ભગવાન કહે,
'અમે પ્રસન્ન થઈશું અને જીવન બદલાશે.'**

એને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'નું ઉદ્‌બોધન કરીને યુદ્ધના મેદાનમાં ઝંપલાવે એવો તૈયાર કરી દીધો. એણે કૌરવોના સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. તમે જુઓ, ભીષ્મપિતામહ નૈષ્ઠિક બ્રહ્મચારી, યુધિષ્ઠિર સાત્ત્વિકભાવથી સત્યવાદી, દ્રોણગુરુ કેટલા મહાન ગુરુ ! પણ કલ્યાણને માટે આ બધાને ફાંફાં પડ્યા અને અર્જુન નિશ્ચિંત રહ્યો. એને આ બધા માટે કોઈ થડકાટ જ ના રહ્યો. આ બધું કર્યું તોય સર્વથી નિર્લેપ રહ્યો, એને કોઈ પાસ ના લાગ્યો. પાણીમાં પડ્યા છતાં પણ કોરો નીકળે એ કેવું કહેવાય ! આટલી બધી હિંસા આચરી પણ એને કોઈ પાસ ના લાગ્યો. કારણ ? ભક્તિ ! શું ભક્તિ ? ભગવાનના વચને લડ્યો, ભગવાનનું કાર્ય કરવાનું યંત્ર બન્યો તો નિર્લેપ રહ્યો. અને 'કરિષ્યે વચનમ્ તવ'-પ્રભુ મારે તમે કહો એમ કરવું છે એવો ભાવ રાખ્યો. તો માયિક ઈન્દ્રિયો-અંતઃકરણ એને ના પાડતાં હતાં કે, સગાંવહાલાંને મરાય નહીં. આ બધાને મારીને આપણે રાજ્ય નથી જોઈતું. આવા બધા રજોગુણી, સત્ત્વગુણી ભાવોમાંથી વિચારો આવતા હતા એટલે એણે યુદ્ધ કરવાની ના પાડી. પણ શ્રી કૃષ્ણ પરમાત્માને વિશે એને પ્રભુપણાનો નિશ્ચય થયો, એમનો આશ્રય કર્યો, એમનો શરણાગત બન્યો ને એમની આજ્ઞા પાળી તો ઈન્દ્રિય-અંતઃકરણના ભાવોમાં જે જગત હતું, માયિકભાવ હતો એ ટળી ગયો. સ્વામિનારાયણ ભગવાને છ મંદિરો કર્યાં એમાં પહેલામાં પહેલું મંદિર અમદાવાદમાં કર્યું અને એમાં પહેલી મૂર્તિ નરનારાયણ દેવની પધરાવી. નર એટલે અર્જુન અને નારાયણ એટલે ભગવાન પોતે. તો અત્યારે ભગવાનની સાથે ને સાથે અર્જુનની પૂજા થાય છે. અર્જુન ભગવાનની પ્રસન્નતાનું પાત્ર બની ગયો.

કળિયુગમાં કોઈથી તપ થાય એવું નથી, વ્રત થાય એવું નથી. આજે હું નથી ધારતો કે, કોઈએ નિર્જળા એકાદશી કરી હોય. બાપા વખતે તો અડધી સભાએ નિર્જળા એકાદશી કરી હોય. નથી નિર્જળા એકાદશી થઈ શકતી. તમે જુઓ તો ઘણા તો એકાદશી જ નથી કરી શકતા. કેમ ? તો કહે, બીમાર પડી જવાય છે. તાપ વધી જાય તો તકલીફ, ટાઢ વધી જાય તો તકલીફ, બહુ વરસાદ પડે તો તકલીફ, પવન આવે તો તકલીફ, વાવાઝોડું આવે તો તકલીફ. કોઈ તપ, વ્રત કરવા જેવા આપણે રહ્યા નથી તો પણ પરિવર્તન થાય છે, બદલાઈએ છીએ, સુખી થઈએ છીએ; શાથી ? ભક્તિથી. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'આ કળિયુગમાં તપ, વ્રત બધું કરનારા બહુ ઓછા છે. છતાં પણ પ્રાપ્તિ અધિક થાય એના માટે સંતોનો યોગ આપ્યો.' એવા સત્પુરુષમાં જોડાઈને, એવા સત્પુરુષની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા જે કરશો એ ભક્તિ છે. અને એવી ભક્તિથી ભગવાન કહે, 'અમે પ્રસન્ન થઈશું અને જીવન બદલાશે.'

શ્રી વલ્લભાચાર્યજીએ જગતને મોટામાં મોટી ભેટ આપી ભક્તિની. એમણે તે વખતે પ્રભુને રાજી કરવા આ બધું સમજાવ્યું, પણ એ ચુકાઈ જતાં ક્રિયાકાંડ થઈ જાય છે. સવારથી સાંજ સુધી બધા ફર્યા જ કરે. જ્યારે યોગીજી મહારાજે કેવી ભક્તિ શિખવાડી ? અહીં મંદિરમાં મહાપૂજા કરતા હોય ને કોઈ મહેમાન આવે તો ગોપાલભાઈ તરત ઊભા થઈને આવકાર આપે, ચાંદલો કરે, બેસાડે, પાણી આપે ને પછી પાછા મહાપૂજા કરે. જ્યારે ક્રિયાકાંડવાળા ઊભા જ ના થાય. એ તમને અંદર પેસવા ના દે અને એ ઓરડીમાંથી બહાર નીકળે પણ નહીં. એ જડતાપૂર્વકનું ક્રિયાકાંડ થઈ ગયું. ભક્તિમાં જડતા નથી, ભક્તિમાં જીવંતતા છે એટલે આનંદ છે.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું, ભગવાન ને ભગવાનના ભક્તો – જે ભગવાનની તમે પૂજા કરો છો, જે ભગવાનને તમે થાળ ધરાવો છો, જે ભગવાનને તમે નવડાવો છો, જે ભગવાનને તમે પોઢાડો છો, આ ભક્તો એ ભગવાનનાં તો સ્વરૂપો છે. એનો તમે ઉપહાસ કેવી રીતે કરી શકો ? એની સેવા કરો એ ભગવાન કહે, મારી સેવા છે. આ ભક્તિ ગુરુદેવ યોગીજી મહારાજે શિખવાડી, શાસ્ત્રીજી મહારાજે શિખવાડી કે, આવું કરવાથી આપણા ઈન્દ્રિયો-અંતઃકરણના જગતના જે માયિક ભાવો છે એ છૂટા થઈ જશે, દિવ્ય થઈ જશે.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી. આપણા જીવનને બદલવાનો અદ્‌ભુત માર્ગ આપ્યો. તમે ફ્રી હોવ તો પૂજા, પ્રાર્થના, ધૂન, ભજન કરો. સાવ નવરા રહો કે બીજું બધું કરો એના કરતાં ધૂન-ભજન-પ્રાર્થના, ઠાકોરજીની સેવા કરો. પણ ભગવાન ને ભગવાનના સાધુ ને ભગવાનના ભક્તો ગૌણ ના થવા જોઈએ. એ જે માહાત્મ્ય છે એ માહાત્મ્ય સોતી ભક્તિ એ જીવનને રૂપાંતરિત કરે છે.

જીવનમાં પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને ચાર અંતઃકરણના ભાવોમાં રહેલું જે જગત-માયા એને બદલી નાખે છે, દિવ્ય બનાવે છે. અને પછી એનો આનંદ કંઈક જુદો હોય છે. આંખની ક્રિયા છે જોવાની. શું જોયું ? સામે જે ભાઈ બેઠા છે એ આંખે જોયા. નર્વ સિસ્ટમ મગજને સંદેશો આપે કે, સામે જે ભાઈ દેખાય છે એ અમિતભાઈ છે, એનું જે જ્ઞાન થાય એ જ્ઞાનેન્દ્રિય. પણ એ દિવ્ય થાય એટલે એમાં રહેલા પ્રભુને જુએ. આ અમિતભાઈ છે એ પ્રભુના મુક્તરાજ છે, એમનામાં રહેલા પ્રભુની મારે શું સેવા કરવી ? તો તમારું એની સાથેનું આખું વર્તન બદલાઈ જશે. ઇન્દ્રિયો-અંતઃકરણ માયિક છે એટલે ઉપરનું બધું જોઈને વ્યવહાર થાય, પણ જ્યારે ઇન્દ્રિયો-અંતઃકરણમાં રહેલા ભાવો બદલાય છે ત્યારે સંબંધ જોઈને વ્યવહાર થાય-ફરક પડી જાય. જેવો તેવો તોય ભગવાનનો ભક્ત છે ને ! ગળે લગાડે. તમને તે ગાળો ભાંડી જાય તોય પછી અસર ના થાય. 'ભગવાનનો ભક્ત છે ને ! ભગવાન એનામાં રહીને મારું માન ટાળી રહ્યા છે.' આમ આપોઆપ નિર્માનીત્વ પ્રગટે.

જે કંઈ આપો તે પ્રસાદરૂપે જમે. કોઈ જગ્યાએ ગયા હોય તો ખાવાનો કકળાટ ના હોય. જેવું મળે એવું ખાઈ લે. રેસ્ટોરન્ટ કરતાં મંદિરમાં ભોજનમાં સ્વાદ વધારે આવવો જોઈએ, કારણ કે, ભગવાનનો પ્રસાદ છે. એ મહિમા છે, એ માહાત્મ્ય છે. ગોંડલમાં દરરોજ સાંજે ખીચડી-શાક જ હોય, પણ ખાવાની ખૂબ મજા આવે. કોની ખીચડી ? ગોંડલધામની ખીચડી, કારણ પ્રસાદનો મહિમા ! મહિમા હોય તો સંબંધથી જોવાય. ખીચડી સંબંધવાળી થઈ ગઈને એટલે પ્રસાદ થઈ ગયો એટલે ખાવામાં જુદો જ સ્વાદ આવે. માણસ ગમે તેવો હાલો-પોલો હોય, પણ ભગવાનના સંબંધવાળો છે ને ! એટલે એને મળતાં આપણને આનંદ થાય. એટલે માનસિક ગણતરીઓ-સ્વાદની ગણતરીઓ-જોવાની ગણતરીઓ આપોઆપ બદલાઈ જાય. અને તો પછી ભગવાન તો કેટલા અદ્‌ભુત લાગે ? ભક્તોને વિશે જો આવો ભાવ થાય તો સંતો અને ભગવાનને વિશે આપણી જોવાની-દર્શન કરવાની દૃષ્ટિ બદલાઈ જાય અને એમનાં દર્શનથી ભાવવિભોર થઈ જવાય.

ઇન્દ્રિયો-અંતઃકરણને બદલવા માટે કોઈ સ્પેશ્યલ સાધના નથી. મને કરીને એમનું મનન-ચિંતવન કરો. બુદ્ધિએ કરીને ગુણગાન ને મહિમા ગાવ ને સાંભળો. ચિત્તે કરીને એમનું ચિંતવન કરો, મૂર્તિની સ્મૃતિ કરો. અને અહંકાર-'હું કેવો રૂપાળો, કેવો ભણેલો, કેવો પૈસાવાળો, કેવો હોદ્દાવાળો, કેવો ગાયક, કેવો આર્ટિસ્ટ, કેવો લખનારો છું !' આ બધા અહંકારો છે. પણ આ બધું પ્રભુએ આપેલી ભેટ છે. ગાયકી કોણે ભેટ આપી ? ભગવાને ભેટ આપી. કોઈને પૅઇન્ટિંગની, કોઈને બોલવાની, કોઈને લખવાની એમ દરેકને વિધવિધ પ્રકારની જે સ્કિલ છે એ ભગવાને આપેલી ભેટ છે. એવું ભગવાનનું આપેલું છે એમ માને તો અહંકાર રહિત થવાય અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં રહેલો માયિકભાવ ટળી જતાં આપોઆપ તે દિવ્ય બની જાય.

અને સત્પુરુષને વિશે હેત છે, તો એમના મુખેથી સંબંધનો મહિમા એટલો બધો આપણે સાંભળ સાંભળ કરીએ છીએ કે, આપણી જોવાની દૃષ્ટિ, સાંભળવાની વાત, બોલવાની રીત એ બધું આપોઆપ બદલાતું જાય છે, બદલવું ના પડે. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, પૃથ્વી છે, પૃથ્વી કરતાં જળ મોટું, જળ કરતાં તેજ મોટું, તેજ કરતાં આકાશ મોટું, આકાશ કરતાં પ્રધાનપુરુષ મોટો, એમ કરતાં કરતાં અક્ષર મોટા અને અક્ષરથી પણ અમે પર છીએ. અને એવા તમને પ્રગટ મળ્યા છીએ.

દરેકને વિધવિધ પ્રકારની જે સ્કિલ છે
એ ભગવાને આપેલી ભેટ છે.
એવું ભગવાનનું આપેલું છે એમ માને તો
અહંકાર રહિત થવાય અને
મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં રહેલો માયિકભાવ ટળી જતાં
આપોઆપ તે દિવ્ય બની જાય છે.





**અદ્‌ભુત સમાજમાં**
**પ્રભુએ આપણને મૂક્યા છે, ભક્તિ કરતા કર્યા છે.**
**એકેએકનો મહિમા સમજીએ તો ધન્ય થઈ જઈએ.**
**એ માયિકભાવ ઓગળ્યો કહેવાય.**
**અને એ ઓગાળવાનું મુખ્ય ધ્યેય**
**એ આપણી સાધના છે.**

આટલું કહીને કહેવું એ હતું કે, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા અમે તમને મળ્યા છીએ. પણ તમે મને માણસ જેવો જ જોશો કારણ કે તમારી આંખ માયિક છે. હું બોલું છું એનું તમે બુદ્ધિથી અર્થઘટન કરશો કારણ કે, તમારી બુદ્ધિ માયિક છે. એમ, આપણી માયિક દૃષ્ટિ છે એટલે ભગવાનને માણસ જોઈએ છીએ. પણ સત્પુરુષનો મહિમા હોય ને તેઓને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય એટલે એમાં જે ભગવાનનું તત્ત્વ અખંડ બિરાજમાન છે એ આપણી જોવાની દૃષ્ટિ બદલી નાખે.

આંખના નંબર કઢાવવા જઈએ એટલે પહેલાં ફ્રેમનું ખાલી ખોખું પહેરાવે. પછી અંદર બે કાચ મૂકીને કહે કે, વાંચો. પહેલી લાઈન, બીજી લાઈન, ત્રીજી લાઈન. એમ જે લાઈન ઝાંખી દેખાય એ પ્રમાણે કાચ મૂકે. પાંચ લાઈન સુધી કાચ બદલ્યા કરે. ને પૂછે કે આ સારું દેખાય છે કે આ ? એમ કરતાં એકદમ ચોખ્ખું દેખાય ત્યારે કહે કે, આ તમારી આંખનો નંબર આવી ગયો. એમ, પેલા સત્પુરુષ કહે કે, 'શું દેખાય છે ?' ત્યારે કહે, 'માણસ દેખાય છે.' એમ ? પછી વાતો કરે, કથા કરે, સેવા કરાવે, વાસણ અજવાળાવે, ખિસ્સામાં માલ હોય તો કઢાવડાવે. આપણે એમ જાણીએ કે, આ ભેગા કરે છે, પણ એ ભેગા નથી કરતા પણ એ તમને ચશ્માં આપે છે-જોવાની દૃષ્ટિ આપે છે. વારાફરતી જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવે અને બતાવે ને એમ કરતાં ચાર-પાંચ વર્ષે ફિટ થઈ જાય ત્યારે થાય કે, 'ઓહોહો આ તો સાક્ષાત્ પ્રભુ !' આમ, આપણી દૃષ્ટિ બદલી નાખે. સત્પુરુષ આ કરતા હોય છે.

પ્રભુ તરફનો જે માયિકભાવ-ભગવાન જે કરી રહ્યા છે એમાં આપણને એમ થાય કે, આપણને દુઃખી કર્યા છે. પણ ના, ભગવાન આપણને સુખી કરવા આવ્યા છે. જે દુઃખી કરાવે છે એ છે ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવો. એ ભાવોને બદલવા માટે, એ ભાવોમાં રહેલો માયિકભાવ કાઢવા માટે આ વચનામૃતમાં ભગવાને આખું વિવરણ કર્યું અને કહ્યું, 'હું એ છું અને એના માટે આવ્યો છું.' કેટલું બધું સમજાવ્યું. પણ ભગવાન દેખાતા નથી, કારણ કે માયિક દૃષ્ટિ છે. એ માયિક દૃષ્ટિને અમાયિક બનાવવા સાથે ગુણાતીત પુરુષને લાવ્યા-સંતને લાવ્યા. અને શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસના દ્વારા એ અક્ષરરૂપ થયેલા સાધુની ઓળખાણ કરાવી. ને એવા સાધુમાં જોડાવાથી શું થાય ? તો આપણો માયિકભાવ ઓગળી જાય ને સુખિયા સુખિયા થઈ રહેવાય.

આપણે નસીબદાર ને ભાગ્યશાળી છીએ. બહુ રાઈટ ટાઈમે આવી ગયા. શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કર્યું. શાસ્ત્રીજી મહારાજના વખતમાં તો અક્ષરપુરુષોત્તમની જય બોલાવે તો માર પડતો. જ્યારે અત્યારે તો બધે સ્વાગત થાય છે અને ધામધૂમ થઈ છે. પહેલાં યોગીબાપા કહેતા કે, 'સવારે ખાંભડામાં ઝોળી માગીએ તો બપોરે સારંગપુર મંદિરનો તાવડો ચાલે.' બપોરની રસોઈ માટે સવારે ઝોળી માંગવાની. દસ વાગ્યે ઝોળી લઈને આવે પછી એમાંથી રસોઈ બનાવે. પાછું બીજે દિવસે માગવાનું તો રહ્યું ! અને અત્યારે ? પધરામણીએ જઈએ તો ભક્તો રસ-રોટલી, માલપૂઆ-દૂધપાક, શિખંડ-પૂરી, બિસ્તરા (ખાંડવી) ને ઊંધિયું ને એવું બધું બનાવે. આપણે ના પાડીએ તોય કહે કે, આ તો તમારે ખાવું જ પડે ! ભક્તોને કેવો મહિમા થઈ ગયો ! કોને પ્રતાપે ? સ્વામિનારાયણ ભગવાન, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના પ્રતાપે ! એમણે બધાની માયિક દૃષ્ટિ બદલી નાખી. માયિકભાવમાંથી અમાયિકભાવમાં જીવતા થયા એટલે સંતો-ભક્તોનું એટલું બધું માહાત્મ્ય છે કે, એમને અર્થે શું ના થાય ? એમનામાં રહેલા પ્રભુની સેવા કરવાથી પ્રભુ રાજી થાય-એવા ભાવથી સેવાઓ કરે છે. બીજો એમનો શો સ્વાર્થ છે ? શું જોઈએ છે એમને ? આજના ભક્તો બીજું કાંઈ માગતા નથી. અત્યારે તમે સત્સંગમાં ફરો તો ભક્તો કોઈ માંગણી જ નથી કરતા. જે સ્થિતિમાં, જે પરિસ્થિતિમાં પ્રભુ રાખે એમાં ભજન-પ્રાર્થના-સેવાના બળે અમે પાસ થઈએ એવા અમને બળિયા બનાવજો. એટલા અદ્‌ભુત સમાજમાં

પ્રભુએ આપણને મૂક્યા છે, ભક્તિ કરતા કર્યા છે. એકેએકનો મહિમા સમજીએ તો ધન્ય થઈ જઈએ. એ માયિકભાવ ઓગળ્યો કહેવાય. અને એ ઓગાળવાનું મુખ્ય ધ્યેય એ આપણી સાધના છે.

યોગીબાપાએ એવા સંતોની ભેટ આપી કેટલી મોટી કૃપા કરી ! પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, કાકા, પપ્પા, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી ને સંતો, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ભરતભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી.એસ. ને આ બધા સંતોની ભેટ બાપાએ આપી. તેઓ બાપા વખતે આ ભાવથી જીવ્યા, આ ભાવથી બાપાનાં દર્શન કર્યાં, આ ભાવથી બાપાની આજ્ઞા પાળી, બાપાને રાજી કરવા આ ભાવથી ભક્તોને નિર્દોષ માનીને મન-કર્મ-વચને સેવા કરી તો ભગવાનની પ્રસન્નતા મળી. કોઈની કાથાકબલી નહીં, કોઈની ટીકાટિપ્પણી કર્યા વગર ભક્ત જેવો છે એવો ગમાડ્યો. ભગવાનનો સંબંધ છે ને ! તો બુદ્ધિમાં રહેલો માયિકભાવ-જે માયા છે એ છૂટી ગઈ.

આંખમાં રહેલો માયા ભાવ. સ્ત્રીને તમે જુઓ કે, આ રૂપાળી છે, આ કાળી છે, આ જાડી છે ; પણ પ્રભુની અક્ષરમુક્ત જુઓ તો બીજા બધા ભાવ ઊડી જાય. પુરુષને તમે એ ભાવથી જુઓ તો દેહના ભાવ છૂટી જાય, યાદ રાખો ! પ્રૅક્ટિસ તો કરો. પ્રભુના ભાવથી વાત કરો, પ્રભુના ભાવથી જુઓ. સારું-ખોટું એ બુદ્ધિની ગણતરી છે, પણ એનામાં રહીને પ્રભુ કરી રહ્યા છે એ ભાવ રાખી વર્તીએ તો બુદ્ધિથી પર, માયિકભાવથી પર ચાલ્યા ગયા; એ અક્ષરરૂપ થયાની નિશાની. મહારાજે એ કહ્યું કે, બધાં સ્તરોથી ઉપર એક ભગવાન જ છે, બીજું કાંઈ નથી.

ગુણાતીતાનંદ સ્વામીને બધું સરસ લાગતું હતું. યોગીબાપાને તમે જુઓ તો ! શાહી ઢોળાઈ એટલે કોઈએ કહ્યું, 'બાપા, અપશુકન થયાં' તો બાપા કહે, 'ના ગુરુ ! શુકન થયાં.' એક યુવકનો બાપા હાથ ઝાલીને ચાલતા હતા. એ યુવક કાંડે ઘડિયાળ રાખતો હશે એટલે બાપાએ પૂછ્યું, 'કેટલા વાગ્યા ?' ત્યારે બાજુવાળો છોકરો કહે, 'બાપા, એનું ઘડિયાળ બંધ છે, ખોટું છે, નથી ચાલતું.' એટલે બાપા કહે, 'ગુરુ, એવું ના કહેવાય, બે વખત તો સાચો સમય બતાવે છે ને !' આ યોગીજી મહારાજ ! આપણને હસવાની વાત લાગે, પણ તેઓ આપણને શિખવાડે છે કે, ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં ભગવાનને કર્તા-હર્તા માનો. અને ભગવાનને કર્તા-હર્તા માન્યા પછી જે કંઈ પરિસ્થિતિ ઊભી થાય તેનો સ્વીકાર કરવા ભજન કરો તો આનંદ રહેશે.

ભગવાન આપણા માટે કેટલા બધા ઉદાર છે, દયાળુ છે ! આપણને જે સંજોગોમાં રાખ્યા એ સંજોગોનો ઉપયોગ ભજન કરવામાં જો કરી લઈએ તો બેડો પાર થઈ જાય. ભગવાનના ભક્તોએ તો એક જ સાધનનો-એક જ ઉપાય લેવાનો-ધૂન કરો... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!!! ગમે તેવી પરિસ્થિતિમાં ભગવાન મદદ કરશે, કરશે ને કરશે. ભગવાન કહે, 'હું મળ્યો છું તો ધૂન-ભજન કરો, પ્રાર્થના કરો. કસોટી કરીશ, કસણીમાં લઈશ પણ પાર ઉતારીશ. મને સંભાળજો, પોકાર કરજો.' પ્રહ્લાદ માટે ભગવાન ગરમ ગરમ થાંભલામાંથી પ્રગટ થયા. નરસિંહ મહેતાના હાથ ગરમ ગરમ પાણીમાં નાખ્યા તોય કાંઈ ના થયું. મીરાંબાઈ દૂધમાં ઝેર પી ગયાં તો પણ કાંઈ ના થયું. યોગીબાપાને કાળો નાગ કરડ્યો તોય કાંઈ ના થયું. તમે જુઓ આ બધાં દૃષ્ટાંત ! એટલે કહ્યું, ભજન કરો, ભજનની ટેવ પાડો. સહેલામાં સહેલું શસ્ત્ર ભજનનું છે, પણ એનો અમલ કરવા માટે અઘરામાં અઘરું પડે છે.

ધૂનની મહત્તા, ધૂનનો મહિમા જેને સમજાય તેને અલ્લાઉદ્દીનનો જાદુઈ ચિરાગ હાથમાં આવી ગયો. જાદુઈ ચિરાગ પાસે હોય પણ તમે તેને ઘસો નહીં તો ? જીન પ્રગટ થાય નહીં. જીન પ્રગટ થાય તે માટે જાદુઈ ચિરાગને ઘસવો પડે. એમ ભગવાન કહે, હું તમારી આગળ-પાછળ છું, પણ મને પોકાર કરો ! મને સંભારો ! એટલે હું આવીશ, આવીશ ને આવીશ ! અને એ પોકાર એટલે...? સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...! એ પોકારને સીધો ભગવાન પાસે પહોંચાડવો હોય, ડિસકનેક્ટ ના કરવો હોય તો ભગવાન ને ભગવાનના ભક્તોનો મહિમા સમજવો. કોઈ પણ ભક્તની અમહિમા, ભાવફેર, માથાકૂટ થાય તો માનજો કે, પ્રભુ સાથેની તમારી લાઇન ડિસકનેક્ટ થઈ છે. પછી તમે ગમે એટલી રાડો પાડશો તોય ભગવાન સાંભળશે નહીં. નિર્દોષબુદ્ધિ એ સર્વોપરી સેવા છે. નિર્દોષભાવ રાખીને ભજન-પ્રાર્થના કરીએ તો ભગવાન કહે, 'હું તમારી આસપાસ છું, તમારી સાથે છું, તમારામાં છું, અને સર્વ ભક્તોમાં છું.' એ આપણને ધીમે ધીમે જેમ મનાતું જશે, સમજાતું જશે, એમ એની અનુભૂતિ થતી જશે. અને હૈયામાં આનંદ, શાંતિ ને નિશ્ચિંતતા આપણી એકદમ વધતી જશે. અને એમ મનાવે તેવા સત્પુરુષને વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ કરાવી એટલે આપણા માટે આ માર્ગ ખુલ્લો થઈ ગયો.

અશ્વિનભાઈ, શાંતિભાઈની મહત્તા એ છે, યાદ રાખો ! સામાન્ય સાધુ નથી. આવા અદ્ભુત સાધુની આપણને પ્રભુકૃપાથી પ્રાપ્તિ થઈ છે. પણ ભેગા રહીને મહિમા સમજવો એ પાંચમી ઘાટી છે. આવો મહિમા સમજી એમની વાતને સત્ય માની, એમની આજ્ઞામાં રહીને ધૂન, ભજન, પ્રાર્થના, સેવાઓ કરીશું તો આપણામાં રહેલા જે માયિકભાવ છે એ આપોઆપ બદલાશે. સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆